# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 2 •• May, 2004


F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com

## ‘સ્વ’ને ઓળખ્યા વિના ઈશ્વરની ઓળખ ન થાય!

મનુષ્યની સૌથી મોટી મુશ્કેલી એ છે કે તે પોતાના જ પ્રત્યે અજ્ઞાન સેવે છે. દીવાની નીચે જેવી રીતે અંધકાર હોય છે તેવી જ રીતે જે સત્તા એનો આત્મા છે એના જ પ્રત્યે તે અંધકારમાં રહે છે. આપણે પોતાને જ જાણતા નથી ત્યારે આપણું સમગ્ર જીવન જો ખોટી દિશામાં ચાલ્યું જતું હોય તો આશ્ચર્ય દર્શાવવું પણ વ્યર્થ છે.

આત્મજ્ઞાન ન હોય તો જીવન એવી નૌકા જેવું હોય છે કે જેનો ચલાવનાર ભાનમાં હોતો નથી તેમ છતાં તે નૌકા હંકાર્યે જ જાય છે!

જીવનને સમ્યક ગતિ અને ગતિને લાયક ક્રિયા માટે ‘સ્વ’નું જ્ઞાન અત્યંત આધારભૂત છે. ‘શું થવું છે’ એ જાણવા પહેલાં ‘હું શું છું’ તે જાણવું તે ખૂબ અનિવાર્ય છે.

હું જે છું તેનાથી પરિચિત બનીને જ મારામાં અત્યાર સુધી સૂતેલા ભવિષ્ય ઉપર હું આધાર રાખી શકું છું. હું જે છું તેને જાણીને જ મારામાં જે હજી અજન્મા છે તેનો જન્મ થઈ શકે છે.

જો જીવનને સાર્થક બનાવવું હોય અને પોતાની નૌકાને પૂર્ણતાના આરે લઈ જવી હોય તો બીજું કંઈ જાણતાં પહેલાં ‘સ્વ’ને જાણવામાં લાગી જાઓ. તે પછી જ બાકીનું જ્ઞાન પણ ઉપયોગી થાય છે. આમ ન થાય તો અજ્ઞાનીના હાથમાં આવેલું જ્ઞાન આત્મઘાતક જ બની રહે છે.

જ્ઞાનની પહેલી આકાંક્ષા ‘સ્વ’ને જાણવાની છે. એ બિન્દુ પર અંધકાર હોય તો બધે અંધકાર છે અને ત્યાં પ્રકાશ હોય તો બધે પ્રકાશ છે. મનુષ્ય જ્યારે પોતાના પ્રત્યે અસંતોષી બનવા માંડે છે ત્યારે જ તેનાં ચરણ પ્રભુની દિશામાં ઉપડે છે. જે પોતાનાથી સંતુષ્ટ થઈ જાય છે તે વિનાશ પામે છે.

**‘પથ કે દીપ’**માંથી અનુવાદિત

## પ્રભુ મહાવીરે કહ્યું...

દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં ત્રણ અમૂલ્ય રત્નો છોડીને તું માટીથી બનેલાં રત્નોમાં લલચાઈશ નહીં. માટીનાં રત્નો કદાચ તને ઈષ્ટ વસ્તુઓ મેળવી આપવામાં ઉપયોગી બનશે. પણ એ વસ્તુઓ કંઈ હંમેશ માટે તારી પાસે નહીં રહે. આત્માનાં રત્નો તો તને અમૂલ્ય શાશ્વત એવું સિદ્ધત્વ મેળવી આપશે.


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૨
સળંગ અંક ૨૬
મે, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧


*એક મુનિવરની ડાયરીમાંથી*

# ખુદાની તો ખુદા જાણે પણ મને તો ખુશામત ગમે છે!

■ આનંદમૂર્તિ

લોકો મને જ્ઞાની કહે છે ત્યારે મારા મનને બહુ સારૂં લાગે છે. મારી અજ્ઞાનતા અનંત છે પણ એ તો મારી અંગત બાબત થઈ. હું લોકોને મારી અજ્ઞાનતાથી માહિતગાર થવા દેતો નથી. લોકો મને તપસ્વી કહે ત્યારે મારા મનને બહુ સારૂં લાગે છે. મારી રસલાલસા હું ક્યાંય પ્રગટ થવા દેતો નથી. લોકોનો ભ્રમ ચાલુ રહે તે માટે હું શક્ય એટલા પ્રયત્નો કરી લઉં છું.

સમતાને ને મારે કંઈ બહુ ગાઢ સંબંધ નથી, પરંતુ લોકો મને પરમ સમતાવાન માને છે તે મને બહુ જ પસંદ પડે છે. મારાં વ્યાખ્યાનો લોકો કેમ વખાણે છે તે તો હું હજી સમજી નથી શક્યો. પરંતુ મારી વાહ વાહની મજા તો કંઈક ઓર જ છે. એટલે જ તો હું દરેક વ્યાખ્યાનના અંતે નિતનવા લોકોને પૂછી જ લઉં છું : 'કેવું લાગ્યું મારૂં વ્યાખ્યાન!'

હું પૂજામાં બેસીને બુલંદ કંઠે ગાઉં છું ત્યારે મહિલાઓ એકીટસે મારી સામે તાકી રહે છે. હું મનોમન પોરસાઉં છું : *'સારૂં ગાવાનો ઈજારો કંઈ તમારો એકલાનો નથી!'* પૂજા પતી ગયા પછી એ બધી મને ઘેરી વળે છે ત્યારે તો હું ગોપીઓથી ઘેરાઈ ગયાની લાગણી અનુભવું છું અને મને 'ફીલ ગુડ ફીલ ગુડ' થઈ જાય છે!

આમ તો હું કંઈ સારો લેખક નથી. પરંતુ એ વાત તો મારી સિવાય કોઈ જાણતું નથી. હા, એક જણ જાણે છે : જે મારા નામે લેખ લખી આપે છે. મારી પાસે લક્ષ્મી છે અને એ કોને નથી ખરીદી શકતી? સરસ્વતીને ખરીદવી એ તો તેની માટે ડાબા હાથની ટચલી આંગળીનો ખેલ! હું લક્ષ્મીના બંડલો લેખક સામે ફેંકી દઉં છું. એ મારા નામે હોંશે હોંશે લેખ લખવા તૈયાર થઈ જાય છે!

'તમે તો ભવિષ્યના ગચ્છાધિપતિ છો' એમ કોઈ કહે ત્યારે હું મારૂં હસવું માંડ ખાળી શકું છું. પણ એની આ વાત સાંભળ્યા પછી મારૂં શેર લોહી ચડે છે એ નક્કી. હું મનોમન આસમાનમાં વિહરૂં છું.

ભૌતિક અનુકૂળતાઓની લાલસા છોડવાનો ઉપદેશ હું એ. સી.થી ઠંડા કરેલા રૂમમાં બેસીને આપું છું ત્યારે મારા કોઠે પૂરી ઠંડક હોય છે. આ બધું છતાં લોકો મને મહાવીરનો સાધુ માને છે. અને તે મને ખૂબ ગમે છે.

# 'જૈનો પણ હિંદુ જ છે'ની કાખલી કૂટનારાઓ...

બદ્રીનાથમાં ફરી એકવાર ખેલ પડી ગયો છે. જવાહરલાલ નહેરૂના *'હિંદી ચીની ભાઈ ભાઈ'*ના નારાઓની બાવજૂદ ચીનાઓએ ભારતને કેવું ધમરોળી નાખ્યું હતું તે યાદ છે? તે દાડાના જવાહરલાલજી એવા પટકાયા કે ફરી કદી ઊભા ન થઈ શક્યા. આખરે પક્ષાઘાતની કારમી દશામાં પરલોકે સિધાવી ગયા. ચીનનો ડ્રેગોન જે સેંકડો કિલોમિટર જમીન બથાવીને બેસી ગયો તે હજી સુધી છોડાવી શકાઈ નથી. ભાજપાના કહેવાતા રાષ્ટ્રવાદી નેતાઓનું શાસન હોવા છતાં તેઓ પણ આ મામલે કશું ઊકાળી શક્યા નથી અને ભારતની ધરતી ઉપરનું એ મહાકલંક હજી સુધી મિટાવી શક્યા નથી.

બદ્રીનાથમાં પણ 'ભાઈ ભાઈવાળો' આ જ ખેલ જરા જુદી રીતે ભજવાઈ રહ્યો છે.



જૈનોનો એક વર્ગ 'જૈનો પણ હિંદુ જ છે'નાં ગાણાં ગાતાં થાકતો નથી. એ વર્ગને સણસણતો તમાચો મારતી હોય તેમ બદ્રીનાથ-કેદારનાથ ટેમ્પલ કમિટીએ ત્યાં બંધાનારા દેરાસરના મામલે ઉપલી કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે.

કોર્ટના ચુકાદાનો આદર કરવાની મોટી મોટી ગુલબાંગો હાંકનારા લોકો ચમોલી કોર્ટના ચુકાદાને જીરવી શક્યા નથી. ચમોલી કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ શ્રી બી. કે. મહેશ્વરી સાહેબે સ્પષ્ટ અને અસંદિગ્ધ ચુકાદો આપતાં સાફ સાફ કહ્યું છે કે જૈનોને બદ્રીનાથમાં દેરાસર અને ધર્મશાળા બાંધતાં દેશનો કોઈ પણ કાયદો અટકાવી શકતો નથી.

હમણાં થોડા દિવસો અગાઉ બેફામ વાણીવિલાસ દ્વારા બફાટ કરનારા એક મુનિએ જાહેરમાં આદિ શંકરાચાર્યની આરતી ઉતારી હતી. આ જ શંકરાચાર્યના વારસદાર વર્તમાન શંકરાચાર્યો બદ્રીનાથ ખાતે બની રહેલા દેરાસરથી ભડકી ઊઠ્યા છે. તેઓ દેરાસર રચાવાની ઘટનાને 'બદ્રીનાથની પવિત્રતા સામેનું આક્રમણ' ગણે છે! શાબ્બાશ! કેટલાંક કટ્ટરવાદી હિંદુ સંગઠનોએ કહ્યું છે કે બદ્રીનાથમાં દેરાસર બનાવવું એ બદ્રીનાથની સર્વોચ્ચ પવિત્રતાને નષ્ટ કરવા બરાબર છે! આ જ હિંદુ સંગઠનો અત્યાર સુધી પૂર્વોક્ત જૈન મુનિની વાતમાં મૂંડી હલાવીને 'જૈનો પણ હિંદુ જ છે'નાં કોરસ ગાતાં હતાં. એવાં ગીત ગાવામાં એમના બાપાનું શું ગયું? હિંદી ચીની ભાઈ

# તમે ક્યાં છો?

ભાઈના બરાડાઓ પાડનારાની સામી છાતીએ જ ચીનાઓએ ભારતની પથારી ફેરવી કાઢી હતી તેમ 'જૈનો પણ હિંદુ જ છે'ના નારાઓ લગાડનારાની સામી છાતીએ જ શંકરાચાર્યો, મહામંડલેશ્વરો અને કટ્ટરવાદી સંગઠનોએ પોતાનો અસલી રંગ દેખાડીને તમાચો ઠોકી દીધો છે. આ એ જ કટ્ટરવાદી સંગઠનો છે જેમને કેટલાક જૈન આગેવાનોએ પહેલા ખોળાના દીકરા ગણીને કરોડો રૂપિયા આપીને હિંદુ સંસ્કૃતિના રખવાળા ગણ્યા છે. કરોડો રૂપિયા આપ્યા પછી પણ મૂર્ખ બન્યે જનારા જૈનો જેવા હૈયાફૂટા લોકો આ દુનિયામાં, ભરબપોરે દીવો લઈને નીકળ્યા પછી પણ, જડવા મુશ્કેલ છે. આ દેશમાં કલાઈ આપીને ચાંદી કઢાવી લેનારાઓનો તોટો નથી ત્યારે જૈનો તો સોનું આપી દઈને ધૂળ પણ કઢાવી શકતા નથી.

■ ■ ■

**કોર્ટના ચુકાદાનો આદર કરવાની મોટી મોટી ગુલબાંગો હાંકનારા લોકો ચમોલી કોર્ટના ચુકાદાને જીરવી શક્યા નથી. ચમોલી કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ શ્રી બી. કે. મહેશ્વરી સાહેબે સ્પષ્ટ અને અસંદિગ્ધ ચુકાદો આપતાં સાફ સાફ કહ્યું છે કે જૈનોને બદ્રીનાથમાં દેરાસર અને ધર્મશાળા બાંધતાં દેશનો કોઈ પણ કાયદો અટકાવી શકતો નથી.**

■ ■ ■

બદ્રીનાથ જ્યાં આવેલું છે તે ઉત્તરાંચલની સરકારે જૈનોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો ક્યારનો આપી દીધો છે. મુખ્યમંત્રી શ્રી નારાયણદત્ત તિવારીની આવનારા દિવસોમાં કસોટી થવાની છે. એમની નિષ્ઠા અને સજ્જનતા તો શંકાથી પર છે પરંતુ જૈનોને ખુદને જ જો કોઈ પોઈન્ટ સ્કોર કરતાં ન આવડે તો એમાં એકલા તિવારીજી શું કરી શકે?

બદ્રીનાથમાં દેરાસર બને કે ન બને તેમાં અંગત રીતે અમને કોઈ રસ નથી. સવાલ એ છે કે જૈનોને હિંદુ માનનારાઓની વાતો બનાવટી હતી એ બાબત તદ્દન ખુલ્લી પડી ગઈ છે. જો જૈનોના એક દેરાસર બનવા માત્રાથી બદ્રીનાથની પવિત્રતા જોખમાઈ જવાનાં નિવેદનો કટ્ટરવાદીઓ કરતા હોય તો એમના કહેવાનો મર્મ જૈનોએ વહેલી તકે સમજી લેવો જોઈએ. આમ કહેવું તે પરોક્ષ રીતે દેરાસરોને અપવિત્ર કહેવા બરોબર છે. આપણાં જ દેરાસરોને અપવિત્ર ગણનારા બનાવટી સંસ્કૃતિરક્ષકોને ક્યાં સુધી માથે ચડાવે રાખવા એ પણ ખુલ્લા દિલે વિચારી લેવા જેવું છે.

કાં તો ટકાની તેવડ ન હોય તેવા બે બદામના માણસોએ જૈનોના આગેવાન બનવાના ધખારા બંધ કરી દેવા જોઈએ અને કાં તો 'જૈનો પણ હિંદુ જ છે'ની કાખલી કૂટે રાખવાનું વહેલી તકે બંધ કરી દેવું જોઈએ. – નહીં તો તેમની દશા જવાહરલાલ નહેરૂ જેવી થવાની છે.

# બદ્રીનાથમાં દેરાસર બને કે ન બને તેમાં અંગત રીતે અમને કોઈ રસ નથી પણ...

# આપનો પત્ર મળ્યો

ઘણા મનોમંથન બાદ આ પત્ર લખું છું. છેલ્લા ઘણા સમયથી મનમાં ગડમથલ ચાલતી હતી. આજ એને વાચા આપી રહી છું. આપણા સમુદાયના ત્રણ સાધુઓનાં કૌભાંડ બહાર આવ્યાં તે પછી અમે આપને ખૂબ ગાળો આપી છે. ઘણી જ નિંદા અને આપના વિષયમાં ન શોભે તેવી વાતો કરી છે. કારણ કે અમને એવું જ ઠસાવવામાં આવ્યું હતું કે એ ત્રણે સાધુઓ સાવ નિર્દોષ હતા પરંતુ આપે તેમને નીચા પાડવા માટે અભિયાન ચાલુ કર્યું હતું. એ પછી ગુજરાત સમાચારમાં પંન્યાસજી ઉદયકીર્તિસાગરજી મહારાજે જે લખ્યું તેના ઉત્તર રૂપે આપે સંદેશમાં જે લખ્યું તે અમને વાંચવા ન મળે તેવી તજવીજ વડીલોએ કરી હતી. 'જય જિનેન્દ્ર'ના અંકો પણ અમારાથી છુપાવી દેવામાં આવતા હતા. આમ એકતરફી વાતાવરણમાં અમે બધાં એવું જ માનતાં હતાં કે આપ જ ગુનેગાર છો અને તે ત્રણે સાધુઓ સદંતર નિર્દોષ છે. હમણાં વિજાપુરના એક શ્રાવકે આપની ચેલેન્જો, શા માટે તે સાધુઓએ પડકાર ઝીલી લેવો જોઈએ વગેરે બાબતોવાળો અને આપના ઈન્ટર્વ્યૂવાળો અંક ('જય જિનેન્દ્ર' અંક નં. ૧૪ તથા ૧૭) મને બતાવ્યો. આ અંક જોયા પછી ખ્યાલ આવ્યો કે શા માટે અમારાથી 'જય જિનેન્દ્ર'ના અંકો છુપાવવામાં આવતા હતા. અંકમાં આપે પ્રથમવાર જે ચેલેન્જ (સવા સેર સૂંઠવાળી) આપી હતી તેનું પુનર્મુદ્રણ પણ વાંચવા મળ્યું તેથી ખરેખર અમારી આંખનાં પડળ ખુલી ગયાં.



હે પૂજ્ય, એ પછી મારાથી ન જ રહેવાયું. ઘણું વિચાર્યું. આખરે આજે આ પત્ર લખું છું. અમે સાધ્વીની જાત છીએ. આપની જેમ ખુલ્લેઆમ ઝંડો ઉપાડવાની તો અમારી તેવડ નથી. કારણ કે વડીલો ફાંસીની સજા કરી દે. પરંતુ અંદરની હકીકત જણાવવા માટે આ પત્ર લખું છું. અને ખાસ તો વડીલોની વાતોમાં આવી જઈને અમે આપની જે ભયંકર નિંદા અત્યાર સુધી કરી છે તે બાબતે બહુ જ પસ્તાવો થાય છે. અમે આપને સ્વચ્છંદી, સમુદાયમાંથી ફેંકાઈ ગયેલો, નિર્દોષ સાધુઓની પાછળ પડી ગયેલો, આચારહીન, પાપી, સમુદાયની હલકાઈ કરનારો વગેરે હીનતમ શબ્દોથી અત્યાર સુધી નવાજ્યા છે. આપને ખરેખર ધન્ય છે કે આપે નાનપણથી અત્યાર સુધી કેટલું બધું સહન કર્યું છે. હે પૂજ્ય, વડીલોનું તો જે થવું તે થાય, હું તો આપનાં ચરણોમાં સાશ્રુનયને આપની વારંવાર ક્ષમાયાચના કરૂં છું. આ સમુદાયમાં રત્નોની અવહેલના અને પથ્થરોની પૂજા થાય છે તે જોઈને હૈયું કંપી ઊઠે છે. મને ખાતરી થઈ છે કે આપની ચેલેન્જ ઉપાડી શકે તેવો માઈનો લાલ પેદા થયો જ નથી. જો તેઓ બિનગુનેગાર હોય તો જ ચેલેન્જ ઝીલી શકે ને? હે ક્ષમાસિંધુ, હું આ પત્ર વ્યક્તિગત

## પૂજ્ય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મ. ઉપર સાગર સમુદાયનાં એક દીર્ઘચારિત્રી સાધ્વીજી ભગવંતનો આંખો ખોલી નાખે તેવો પત્ર

રીતે આપને લખું છું અને આપની માટે સેવેલ વિચારો બાબતે તથા આપના વિષે બોલેલ અપશબ્દો વિષે મન, વચન, કાયાથી ત્રિવિધે ત્રિવિધે ક્ષમા પ્રાર્થું છું. **મારે પાપનાં પોટલાં લઈને પરભવમાં નથી જવું.** અંગત શ્રાવિકા બેન સાથે મોકલેલ કામળી સ્વીકારશો, જેથી આપે અમને ઉદારતાથી માફ કરેલ છે તે અમે માની શકીએ. જો આપ તે નહીં સ્વીકારો તો આપે ડંખ રાખ્યો છે તેમ માનીશું. આપનાં પુનીત ચરણે ફરી ફરી ક્ષમાયાચના સાથે...

***

વિનયાદિ ગુણસંપન્ના માતૃહૃદયા સાધ્વી શ્રી...

સાદર અનુવંદનાદિ સહ

આપનો પત્ર મને આપનાં અંગત શ્રાવિકા બેન દ્વારા હાથોહાથ મળ્યો છે. પત્રની વિગતો વારંવાર વાંચી છે. આપના પત્રમાં જે સચ્ચાઈ નીતરે છે તેની કદર કરૂં છું. જ્યારે મારાં લખાણોવાળા અંકો આપ સૌથી છુપાવવામાં આવતાં હતાં ત્યારે જ સમજી લેવાની જરૂર હતી કે એવું તે શું છે એમાં કે એ અંકો આપનાથી છુપાવવા પડે. બીજી વાત, આપણે જો સંસાર ખરા અર્થમાં છોડ્યો હોય અને સાચેસાચ જૈનશાસન આપણને વહાલું હોય તો હવે આપ બધાંએ ખુલીને બહાર આવવું જોઈએ. એક સમય હતો કે આપણાં અમૃતશ્રીજી મહારાજથી મોટા મોટા આચાર્ય ભગવંતો પણ ફફડીને ચાલતા હતા : 'રખે ને ભૂલ થશે તો આ અમરતસરી બધાની વચ્ચે કાન પકડશે.' આજે આપની જેવા આત્માર્થીઓ એમનાથી ડરે છે! વડીલોની આમન્યા રાખવાની એક જરૂરિયાત હોય છે તે કબૂલ પરંતુ જે દિવસે વડીલો પોતાનો ધર્મ ચૂકે તે દિવસે સમુદાય નહીં, શાસનને નજર સામે રાખીને નિર્ણય લેવો જોઈએ. મેં પહેલી વાર આપેલા મારા નિવેદનમાં 'અર્જુનવિષાદયોગને આખરી અલવિદા' એવા શબ્દો લખ્યા હતા. અર્જુનને પોતાના વડીલો સામે શસ્ત્રો ઊપાડતાં કેવી વ્યથા થઈ હશે? આખરે સત્ય ખાતર કેવી મનોદશામાં તેણે શસ્ત્રો ઉઠાવ્યાં હશે? 'ભાવના સે કર્તવ્ય હૈ ઊંચા' એ સિદ્ધાંતને અનુસરીને મેં મારા જીવનમાં ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. અસ્તુ.

વધારે વિગતોમાં ઊંડો નથી ઊતરતો. પણ આ સમગ્ર ઘટનાક્રમ દરમ્યાન મેં **૧.** પૂ. આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિજી મહારાજને લખેલ પત્રો, **૨.** પૂ. આચાર્ય શ્રી કલ્યાણસાગરસૂરિજી મહારાજને લખેલ પત્ર, **૩.** પૂ. ગચ્છાધિપતિશ્રીને લખેલ પત્ર અને **૪.** શ્રી પ્રસન્નકીર્તિસાગરજી મ.ને લખેલ પત્રની ઝેરોક્સ કોપીઓ મોકલું છું. (શ્રી પ્રસન્નકીર્તિસાગરજી મ.ને પત્ર શા માટે? એવો પ્રશ્ન કદાચ આપને ઉપસ્થિત થશે, પરંતુ તેનું કારણ તો પત્ર વાંચવાથી બરાબર સમજાઈ જશે!) આ પત્રો વાંચ્યા પછી આપના પ્રતિભાવો જાણવાની મને ઉત્સુકતા રહેશે તે ન ભૂલશો. અને આપે મોકલેલ કામળીનો મને બિલકુલ ખપ ન હોવા છતાં આપે જણાવેલ કારણોસર સ્વીકારી લીધેલ છે, એટલું જ નહીં, ભાવથી 'મિચ્છા મિ દુક્કડં' પણ કરેલ છે.

આપે અત્યાર સુધી મારી માટે વાપરેલ શબ્દો અંગે મને જરાયે દુઃખ નથી, કારણ કે આ શબ્દો હકીકતે આપના મનમાંથી ઉદ્ભવેલા નથી એમ આપના પત્રમાંથી જ જણાઈ આવે છે. આ શબ્દો અસલમાં જેના મોંમાંથી પ્રગટ થયા છે તે તેના સંસ્કારોનું જ દર્શન કરાવે છે. અને આમ બોલનારા[ઓ]ને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે. પ્રભુ તેઓને માફ કરે!

શુભેચ્છુ મિત્રાનંદસાગરની અનુવંદના સુખશાતા.

## *'જ્ઞાનામૃતં ભોજનં'નો સંદેશો આપી જનારા*

# પૂજનીય ચિદાનંદસૂરીશ્વરજી મહારાજ

**લે. મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

સ્વાધ્યાયપ્રેમી અને જ્ઞાનાચારમગ્ન એવા આચાર્ય ભગવંતો દિવસે દિવસે વિદાય થતા જાય છે તેમ તેમ આપણે વધુ ને વધુ રાંક થતા જઈએ છીએ. પૂજનીય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીની વિદાયથી આપણે વધુ એક જ્ઞાનપ્રેમી આચાર્ય ગુમાવ્યા છે. બહુ વર્ષો પહેલાં તેઓશ્રી પાલિતાણા પધાર્યા ત્યારે તેમની મુલાકાત પ્રથમવાર થઈ હતી. એમના ગુરુદેવ પૂજનીય આચાર્ય શ્રી નિપુણપ્રભસૂરીશ્વરજી મહારાજ એટલે સાક્ષાત દેવતાત્મા. કવિ કાલિદાસે હિમાલયને દેવતાત્મા કહીને સંબોધ્યો છે પણ મને તો પૂજનીય આચાર્ય શ્રી નિપુણપ્રભસૂરીશ્વરજી મહારાજ હાલતા ચાલતા દેવતાત્મા લાગેલા. મારા જીવનની એ બાલ્ય અવસ્થા હતી. એક દિવસ મને કહે : *'મિત્રાનંદ, મારો લોચ કરવા આવી જજે.'* મને એ લાભ મળતાં હું ઘણો જ ધન્ય બનેલો. નાનપણથી જ વૃદ્ધ મહાત્માઓ અને બાળ મહાત્માઓનો શાતાકારી લોચ કરવો બહુ ગમે. હું ધીમે ધીમે લોચ કરૂં. મને પૂજ્યશ્રી કહે : *'તું તારે ફટાફટ લોચ કર. મારી ચિંતા કરીશ નહીં. આ શરીર એ જ લાગનું છે! ઝડપી લોચ કરવાથી લોચની પ્રેક્ટિસ વધારે સારી થાય!'* હું તો આભો જ બની ગયો. સામા માણસને પ્રેક્ટિસ થાય તે માટે આ મહાત્મા કેવું સહન કરવા તૈયાર હતા! શરીર ઉપર લેશમાત્ર મમત્વ ન મળે.

એવા મહાપુરુષના શિષ્ય બનવા માટે બહુ મોટું સૌભાગ્ય જોઈએ. પૂજનીય આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીને એ સૌભાગ્ય મળ્યું. સાહિત્યમંદિરમાં તેમની સ્થિરતા અને સાંડેરાવ ભવનમાં અમારી. લગભગ દરરોજ તેમની મુલાકાત થતી. તેમનાં પાવન ચરણોમાં બે ચાર શબ્દોનું જ્ઞાન મળ્યું એ જીવનની ધન્ય પળ હતી. બાળસાધુને ચારિત્રમાં સ્થિર કરવા માટે એવી રીતે બોધ આપતા કે આપણને જરાય આકરો ન લાગે. નાના સાથે નાના બનીને વાત કરે. જરાય મોટાઈ નહીં, જ્ઞાનનો કોઈ ભાર નહીં, માત્ર અને માત્ર પરાર્થવૃત્તિથી ભરેલું જીવન. તેઓ કથા સાહિત્ય પ્રગટ કરતા. એ બધું સાહિત્ય એ અવસ્થામાં બહુ રોચક લાગતું. એવા સાહિત્ય દ્વારા પૂજ્યશ્રીએ એક આખી પેઢીનું ઘડતર કર્યું તેમ કહીએ તો ચાલે. બાળકોને પણ ગમે અને મોટાઓ પણ આસ્વાદી શકે એવી વાર્તાઓ તેઓશ્રી સિદ્ધહસ્ત લેખકો પાસે લખાવીને પ્રકાશિત કરાવતા.

એક દાયકા અગાઉ તેઓશ્રી દીક્ષા પ્રસંગે મુંબઈથી રાજસ્થાન વિહાર કરી રહ્યા હતા ત્યારે અમદાવાદ સુધી વિહારમાં સાથે રહેવાનું બન્યું. વિહાર દરમ્યાન સર્જાયેલો ગંભીર અકસ્માત એ જીવનની ન ભૂલી શકાય તેવી પળ હતી. અમે અમારી સાથેના એક માણસને પણ ગુમાવી ચૂક્યા હતા. પૂજ્યશ્રી પણ એસ. ટી.ની ટક્કરથી પચાસેક ફીટ દૂર ફંગોળાઈ ગયા હતા. પરંતુ

**– શેષ પૃષ્ઠ ૧૫ ઉપર**

## *'તું તારે ફટાફટ લોચ કર... આ શરીર એ જ લાગનું છે!'*

# જય જિનેન્દ્ર પાઠશાળા

પ્રિય બાળદોસ્તો,

આ મહિનો એ વૈશાખ મહિનો છે. તમને જાન્યુઆરી, ફેબ્રુઆરી વગેરે નામો તો આવડતાં જ હોય, કેમ કે તે તમારા ભણવામાં આવે છે. એ જ રીતે તમારે કાર્તક, માગસર વગેરે નામો પણ શીખવાં જ જોઈએ. આપણે આર્યપ્રજા છીએ અને કાર્તક વગેરે નામો એ આપણાં પોતાનાં નામો છે.

દોસ્તો, આ અંક તમારા હાથમાં આવશે ત્યારે વૈશાખ મહિનાની સુદ દસમને વીત્યાને લાંબો સમય નહીં થયો હોય. આ દિવસે આપણા પરમ ઉપકારી એવા મહાવીર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

મહાવીર પરમાત્માનું આખું નામ 'શ્રમણ ભગવાન મહાવીર' છે. તમે જાણતા જ હશો કે કલ્પસૂત્ર એ આપણો એક મહામૂલ્યવાન ગ્રંથ છે. આ ગ્રંથમાં શ્રમણ ભગવાન મહાવીરનું અદ્ભુત જીવન આપણને મળે છે. ભગવાનના વિષયમાં ઝીણામાં ઝીણી વિગતોનો આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે.

તો ચાલો આજે આપણે શ્રમણ ભગવાન મહાવીરના વિષયમાં થોડું જાણીએ :

શ્રમણ ભગવાન મહાવીરનો જન્મ ક્ષત્રિયકુંડ નામના ગામમાં ચૈત્ર સુદ ૧૩ના મધરાતે થયો હતો. તમે એક બાબત ખાસ યાદ રાખજો કે શ્રમણ ભગવાન મહાવીરના જન્મદિવસને 'મહાવીર જયંતી' ન કહેવાય, પરંતુ તેને 'મહાવીર જન્મ કલ્યાણક' કહેવાય.

શ્રમણ ભગવાન મહાવીરના માતા-પિતા ત્રિશલાદેવી અને સિદ્ધાર્થ રાજા હતા તે તો તમે જાણતા જ હશો. શ્રમણ ભગવાન મહાવીરના જન્મ પૂર્વે તેમનાં માતાજીએ ચૌદ મહાસ્વપ્નો જોયાં હતાં. આ ચૌદ સ્વપ્નો કેવાં હતાં તે આપણને દર પર્યુષણમાં આપણા પૂજનીય ગુરુ ભગવંતો સમજાવતા હોય છે. કલ્પસૂત્ર ગ્રંથમાં આ ચૌદ સ્વપ્નોનું બહુ રોચક વર્ણન પ્રાપ્ત થાય છે.

> 'જીવનમાં એક ક્ષણ-નો પણ પ્રમાદ કરવો નહીં.'
>
> *– શ્ર. ભ. મહાવીર.*

શ્રમણ ભગવાન મહાવીરે દુનિયાને જે સંદેશો આપ્યો તે જૈન આગમોમાં સમાવી લેવાયો છે.

વૈશાખ સુદ દસમના એમને કેવળજ્ઞાન થયું પછીથી એમણે નિરંતર આપણા બધાના કલ્યાણ માટે ઉપદેશ આપ્યો. આપણાં આગમોમાં ભગવાનના ઉપદેશને 'દેશના' શબ્દથી ઓળખવામાં આવે છે.

શ્રમણ ભગવાન મહાવીરની આપણા ઉપર કેટલી બધી કરુણા કે એમણે તો જીવનના અંતિમ સમયે પણ દેશના આપવાનું ચાલુ રાખ્યું હતું.

દોસ્તો, આવા શ્રમણ ભગવાન મહાવીરના આપણે વારસદારો છીએ. એમણે જણાવેલા માર્ગે ચાલવાનો પ્રયત્ન કરીએ.

શ્રમણ ભગવાન મહાવીરનો ટૂંકામાં ટૂંકો છતાં મહાનમાં મહાન ઉપદેશ આ છે :

'જીવનમાં એક ક્ષણનો પણ પ્રમાદ કરવો નહીં.'

બાળદોસ્તો, જો તમને ખબર હોય કે શ્રમણ ભગવાન મહાવીરે પોતાના ઉપદેશમાં બીજું શું શું કહ્યું હતું તો અમને લખી મોકલશો. શ્રેષ્ઠ લખાણને '*જય જિનેન્દ્ર*'ની પાઠ-શાળામાં સ્થાન આપવામાં આવશે.

## ગયા અંકમાં પૂછેલા સવાલોના જવાબો

૧. ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા મંખલીપુત્ર ગોશાલકે મૂકી હતી.

૨. તેજોલેશ્યા એ એક એવી શક્તિ છે જેનો ઉપયોગ કરવાથી સામી વ્યક્તિ બળીને ભસ્મ થાય છે.

૩. તેજોલેશ્યાના કારણે ભગવાન મહાવીરને છ માસ સુધી લોહીના ઝાડા થઈ ગયા હતા.

૪. ભગવાન ઉપર તેજોલેશ્યા શ્રાવસ્તી નગરીમાં મુકાઈ હતી.

૫. ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા મૂકનાર મરીને અચ્યુત દેવલોકમાં ગયો.

આ છે સાચા જવાબો આપનારા વાચકો :

**રાજવી રાજીવભાઈ ચાલીસ-હજાર** (વેજલપુર, અમદાવાદ), **નેહા કિરીટકુમાર શાહ** (પાલેજ), **શ્રદ્ધા અજિતભાઈ શાહ** (પાલેજ), **ઋજવી પ્રણવભાઈ ચાલીસહજાર** (પાલડી, અમદાવાદ) **પ્રિયંકા બી. વોરા** (વાસણા, અમદાવાદ) **અનુરાધા મયંકભાઈ શાહ** (પાર્લા, મુંબઈ) **વૈભવ કે. શાહ** (રાજકોટ) **તીર્થ શુક્લ** (ખંભાત) **જિજ્ઞાસા પરાગભાઈ મહેતા** (વાસણા, અમદાવાદ) **કેતકી પી. શાહ** (વાસણા, અમદાવાદ)

## આ અંકનો સવાલ

ભગવાન મહાવીર ઉપર તેજોલેશ્યા મૂકીને ગોશલાકે કંઈ સારૂં કામ તો ન જ કર્યું કહેવાય. આવું કામ કરનારાની સદ્‌ગતિ પણ ન થાય. તો પછી આવું કાર્ય કરનારો ગોશાલક મરીને દેવલોકે શા માટે ગયો?

તમારો જવાબ અહીં રવાના કરો :

'જય જિનેન્દ્રની પાઠશાળા'
જય જિનેન્દ્ર કાર્યાલય,
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

●

## જાણો અને માણો

મોટામાં મોટી ગતિ કઈ?
– પ્રગતિ
મોટામાં મોટો વાદ કયો?
– આશીર્વાદ
મોટામાં મોટો રાજા કયો?
– કાળરાજા
મોટામાં મોટી રાણી કઈ?
– ઉઘરાણી
મોટામાં મોટો ગ્રહ કયો?
– પરિગ્રહ
મોટામાં મોટી ખાઈ કઈ?
– અદેખાઈ
મોટામાં મોટું રણ કયું?
– મરણ

**– પૂજનીય મુનિ શ્રી અજિતચંદ્રજી મહારાજ** (અમદાવાદ)

## અમથાલાલની કરામત

અમથાલાલને કોર્ટમાં જાત જાતના સવાલ પૂછવામાં આવ્યા.

જજ પેથાલાલે બહુ આકરી પૂછપરછ કરી અને કહ્યું કે તમારે અમારા સવાલના બધા જ જવાબ 'હા' કે 'ના'માં જ આપવા પડશે.

હવે આવું તો કઈ રીતે શક્ય બને? એટલે અમથાલાલે વાંધો લીધો અને કહ્યું કે દરેક વખતે દરેક સવાલના જવાબ 'હા' કે 'ના'માં ન પણ આપી શકાય.

પણ જજે વાંધા ઉપર ધ્યાન ન આપ્યું અને પોતાની વાત પકડી રાખી.

અકળાયેલા અમથાલાલે પેથાલાલને કહ્યું : ''સર, ખાલી પાંચ સવાલોના જવાબો 'હા' કે 'ના'માં આપી બતાવો તો તમે ખરા.''

''જરૂર જરૂર, એમાં શી મોટી વાત છે?'' પેથાલાલે કહ્યું.

અમથાલાલે પ્રશ્ન પૂછવાનું ચાલુ કર્યું : ''સર તમે દારૂ પીને તમારી પત્નીને મારવાનું બંધ કરી દીધું?''

''પણ હું દારૂ પીતો જ નથી.'' પેથાલાલે જવાબ આપ્યો. એટલે અમથાલાલે તરત વાંધો લીધો : ''આપણી શરત યાદ કરો સાહેબ, આપે માત્ર 'હા' અથવા 'ના'માં જ જવાબ આપવાનો છે.''

જજ પેથાલાલ સમજી ગયા! અમથાલાલને બીજા ચાર પ્રશ્નો પૂછવાની જરૂર જ ન પડી!

**– પિન્કી** (મુંબઈ)

# જૈન ધર્મનું શબ્દજ્ઞાન (૪)

## ~~~~~~~~~~~~~ પારિભાષિક જૈન શબ્દોનો અર્થ ~~~~~~~~~~~~~

**પ્રત્યાખ્યાન**=સંકલ્પ પૂર્વક મર્યાદિત સમય માટે અથવા કાયમી ધોરણે અશુભના ત્યાગ અંગેની પ્રવૃત્તિ.

**પચ્ચક્ખાણ**=ઉપર મુજબ.

**નિયમ**=સંકલ્પ પૂર્વક મર્યાદિત સમય માટે અથવા કાયમી ધોરણે શુભના સ્વીકાર અંગેની પ્રવૃત્તિ.

**અભિગ્રહ**=વિશિષ્ટ પ્રકારના શરતી નિયમનો સ્વીકાર.

**આગાર**=લીધેલ નિયમમાં અનિવાર્યપણે અથવા આકસ્મિક રીતે એક અથવા તેથી વધુ કારણ ઉપસ્થિત થાય તો નિયમ તૂટે નહીં તે માટે પહેલેથી રાખેલી છૂટછાટ.

*પ્રશ્ન :* પ્રત્યાખ્યાન, નિયમ અને અભિગ્રહમાં શું ફેર છે?

*ઉત્તર :* પ્રત્યાખ્યાનમાં અશુભ પ્રવૃત્તિના ત્યાગરૂપ નકારાત્મક સંકલ્પ હોય છે, જેમ કે 'હું રાત્રિભોજન કરીશ નહીં,' 'હું અસત્ય બોલીશ નહીં,' 'હું જુગાર રમીશ નહીં' વગેરે. એથી વિપરીત, નિયમમાં શુભ પ્રવૃત્તિના સ્વીકારનો હકારાત્મક સંકલ્પ હોય છે. જેમ કે 'હું દરરોજ એક માળા ગણીશ,' 'હું પ્રતિદિન પાંચસો ગાથાનો સ્વાધ્યાય કરીશ' વગેરે.

અભિગ્રહમાં વિશિષ્ટ પ્રકારની શરત હોય છે અને અભિગ્રહ કરવા માટે સામાન્ય પચ્ચક્ખાણ અને નિયમ કરતાં વધુ મનોબળની જરૂર પડે છે. દાખલા તરીકે 'જો ગુરુ મહારાજ પધારશે તો જ હું પારણું કરીશ.' આમાં વિશિષ્ટ પ્રકારની શરત છે. આવા શરતી સંકલ્પના કારણે જો ગુરુ મહારાજ ન પધારે તો પારણું કરવાનું જતું કરવું પડે છે. શ્રમણ ભગવાન મહાવીરે કરેલો કઠોર અભિગ્રહ આપણે ત્યાં ખૂબ જાણીતો છે. ચંદનબાળાના હાથે આ અભિગ્રહ પૂરો થતાં ભગવાનને પાંચ માસ અને પચ્ચીસ દિવસ સુધી ઉપવાસ થયા હતા.

**સ્પષ્ટતા :** આ યુગમાં પચ્ચક્ખાણ, નિયમ વગેરે શબ્દોના અર્થમાં ભેળસેળ થઈ છે પરંતુ તેથી મુંઝવણમાં પડવું નહીં, કારણ કે આવા પ્રસંગે મનનો અભિપ્રાય જ મહત્ત્વનો હોય છે. કંઈક અશુભ છોડવાની તમન્ના અને કંઈક

**– શેષ પૃષ્ઠ ૧૫ ઉપર**

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# જૈન ધર્મની વિચારસરણી (૪)

## જૈન થિયરીને સમજો અને ગેરસમજ ટાળો

અસ્વાધ્યાયકાળમાં કેટલાક લોકો નવસ્મરણ પણ ન ગણાય તેવી પ્રરૂપણા કરે છે. આ અજ્ઞાનતા છે. આ જ કારણસર અસ્વાધ્યાયકાળમાં ઘણા લોકો માત્ર માળા ગણવાનું ઈષ્ટ ગણે છે. સ્મરણ ન ગણાય અને માળા ગણાય એ કેવો વિરોધાભાસ છે! અસ્વાધ્યાયકાળમાં સ્મરણો ખુશીથી ગણી શકાય છે. આગમો અને આગમોના આધારે બનેલા ગ્રંથોનો સ્વાધ્યાય જ માત્ર અસ્વાધ્યાયકાળમાં ટાળવાનો હોય છે. સ્મરણો ઉપરાંત પૂર્વાચાર્યો દ્વારા નિર્મિત ચરિત્રગ્રંથો, કાવ્યો, મહાકાવ્યો, વ્યાકરણ, ન્યાયસાહિત્ય વગેરેનું અધ્યયન કદી વર્જિત હોતું નથી. અસ્વાધ્યાયકાળનો 'સ્વાધ્યાય ન કરવાના એક બહાના કે હથિયાર તરીકે' ઉપયોગ ન જ કરવો જોઈએ.
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

# દેરાસર એ પ્રભુનું સંપર્કસ્થાન છે

■ કુ. ચૈતાલી શાહ

દેરાસર એ પ્રભુનું નિવાસસ્થાન છે. વળી એ પ્રભુનું નિવાસસ્થાન માત્ર નથી, તેમનું સંપર્કસ્થાન પણ છે. અહીં ભક્ત તથા ભગવાન વચ્ચે સંપર્ક સ્થપાય છે. ભક્તની અરજી આ જગ્યાએ ભગવાન સ્વીકારે છે અને યોગ્ય જણાય તો તેના પર કાર્યવાહી પણ કરે છે. દેરાસરમાં પ્રભુને ફરિયાદ કરી શકાય છે અને ઇચ્છિત પામેલ વ્યક્તિ ત્યાં જ આભાર-સમર્પણ પણ કરી શકે છે. અહીં પોતાના દુઃખના કારણે આંસુ નીકળે છે અને અહીં ભગવાનનું સાન્નિધ્ય માણી હર્ષના આંસુ પણ વહે છે.

ભગવાનને સર્વનિયંતા માનનારને અહીં તેની મહાનતાની અનુભૂતિ થાય છે જ્યારે સખાભાવનાથી પ્રેમ કરનારને અહીં સમાનતાની પ્રતીતિ પણ થાય છે. શાંતિ માગનારને અહીં શાતા મળે છે અને ભૌતિક સામગ્રી માગનારને – જો ભાવના શુદ્ધ હોય તો – જે તે વસ્તુ પ્રાપ્ત થાય છે. કોઈ નિષ્કામ ભક્તિથી આવે છે તો કોઈ સકામ ભક્તિ માટે દેરાસરનાં પગથિયાં ચડે છે. કોઈ જ્ઞાની ભગવાનની અવસ્થા જાણતો હોવાથી તેના શરણે આવે છે. તો કોઈ દુઃખી તેના દુઃખના નિવારણ માટે વિભુના શરણે આવે છે.

દેરાસરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિનું કંઈને કંઈ પ્રયોજન હોય છે. કોઈને માત્ર દર્શન કરવાં હોય છે તો કોઈને માગણી કરવી હોય છે. કોઈને ફરિયાદ સંભળાવવી હોય છે તો કોઈને પ્રશંસાના બે શબ્દો વિભુને સંભળાવવા હોય છે. કોઈ મંત્રજાપનું પઠન કરવા આવે છે તો કોઈ ચોક્કસ ક્રિયાકાંડની પૂર્ણતા માટે દેરાસર આવે છે. કોઈ નિયમ લીધેલો હોય તેથી વિભુનાં દર્શન કરવા આવે છે તો કોઈ યોગ્ય રીતે સમય પસાર થાય તે માટે દેરાસરની મુલાકાત લે છે.

દેરાસરની ઉપયોગિતામાં આવું વૈવિધ્ય હોવા છતાં તેની મુલાકાતે આવનાર પ્રત્યેક વ્યક્તિનો એક સામાન્ય હેતુ હોય છે – પ્રભુ સાથે સંપર્ક સાધવો. આ હેતુ યાચનાર વ્યક્તિ માટે હોય છે અને સંપત્તિ સારુ આવનાર માટે પણ. જ્ઞાની પણ અહીં પ્રભુ સાથે સંપર્ક સાધવા માટે આવે છે અને જિજ્ઞાસુ પણ. અહીં સ્થપતિ તરીકે પ્રશ્ન એ મહત્ત્વનો છે કે આ સ્થાન પ્રભુ સાથેના સંપર્ક માટેનું હોય તો તે કેવું હોવું જોઈએ, તેની કઈ કઈ ખાસિયતો હોવી જોઈએ. આ વિષે આપણે થોડો વિચાર કરીએ.

પ્રભુના સંપર્કસ્થાન સમા દેરાસરની રચનામાં કેટલીક બાબતો અગત્યની ગણાવી જોઈએ.

૧. પ્રભુ સાથે સંપર્ક સાધવામાં સરળતા.

૨. આ સંપર્ક સંધાન સમયે અન્ય કોઈ વિઘ્ન કે ધ્યાનભંગની ન્યૂનતમ સંભવિતતા.

૩. પ્રભુ સાથેનો સંપર્ક સાધવાની સ્થિતિ પહેલાં દુન્યવી પરિસ્થિતિથી ક્રમશઃ મળતો છુટકારો.

૪. અન્ય ભક્તોની હાજરીમાં – સમૂહમાં – પ્રભુ સાથેનો સંપર્ક સાધવા પ્રયત્ન કરાતો હોય તે છતાં સમગ્ર પ્રસંગમાં અનુભવી શકાય તેવી વ્યક્તિગતતા તેમ જ પ્રભુ સાથેનું સંભવિત વ્યક્તિગત તાદાત્મ્ય.

૫. પ્રભુ સાથેના સંપર્ક બાદ દુનિયામાં પરત ફરવાની પ્રક્રિયામાં સરળતા.

આ અને આવી બાબતો દેરાસરની રચનામાં મહત્ત્વની બની રહે છે. પરંપરાગત રીતે રચાતા દેરાસરમાં સ્વાભાવિક રીતે આવી બાબતોની યોગ્ય કાળજી લેવાઈ જાય છે, પણ આના વિષે સ્થપતિ કે વહીવટકર્તા એટલા સભાન નથી હોતા. અને આવી

– શેષ પૃષ્ઠ ૧૪ ઉપર

પ્રેષક : પૂજનીય આચાર્ય શ્રી કીર્તિસેન સૂરીશ્વરજી મહારાજ

# ભાગ્યના ખેલને દર્શાવતી એક અદ્‌ભુત કથા

ભાગ્ય ખીલે પુણ્યથી.

ભાગ્ય ખીલે સદાચારથી.

ભાગ્ય ખીલે વિવેક અને નમ્રતાથી.

ધન્યકુમારનું ભાગ્ય એમ ખીલી ગયું.

એણે લીધી ધૂળ, પણ નીકળ્યું સોનું.

એની આ વાત છે.

પ્રતિષ્ઠાનપુર નામે રાજ્ય હતું.

રાજ્ય જેટલું મોટું હતું એટલું જ આબાદ હતું.

સમુદ્રને કિનારે આવ્યું હતું અને દેશ પરદેશના વેપારનું જંગી બારૂં હતું.

આ રાજ્ય એના બંદરને કારણે જ આબાદ બન્યું હતું અને દેશ પરદેશના વેપારીઓએ વેપારને માટે વસી જઈને એને ઓર આબાદ બનાવ્યું હતું.

આ બંદર પર એક વહાણ આવી ચડ્યું. પણ બન્યું એવું કે વહાણ બંદર પર આવે તે પહેલાં જ એનો માલિક મરી ગયો. વહાણમાં બીજા વેપારીઓ પણ હતા.

**આ અંકની વાર્તા**

એમણે માલિકની બધી અંતિમ ક્રિયા કરી અને વહાણને પ્રતિષ્ઠાનપુર બંદરે લઈ ગયા.

વહાણ બંદર પર લાંગર્યું કે વેપારીઓ હેઠા ઊતરી પડ્યા અને સીધા ભેટણું લઈ રાજા પાસે ગયા. સેવકને કહ્યું કે 'અમારે મહારાજાને મળવું છે. પરવાનગી લઈ આવો. અમે રાહ જોતા બેઠા છીએ.'

દરવાન પરવાનગી લાવ્યો.

વેપારીઓ રાજા પાસે ગયા.

રાજાએ તેમનો સત્કાર કર્યો, પોશાકની ભેટ આપી અને બોલ્યા : 'હે વેપારીઓ! કહો, તમારે શું કહેવાનું છે?'

વેપારીઓ બોલ્યા : 'મહારાજ, આ વહાણના માલિક શેઠ મારગમાં જ મરણ પામ્યા છે. એમનું કોઈ સગું સ્વજન નથી. તેથી જેનું કોઈ ન હોય તેનું માલિક રાજ્ય થાય. એ આપણો કાયદો છે. માટે આપ વહાણના માલિક બનો. એમાં ઘણો માલ ભરેલો છે. એમાં અમારો માલ પણ છે. એ પણ આપ લઈ લો. અમે એ વેચવા જ લઈ જઈએ છીએ. જે કિંમત ઊપજે તે આપની તિજોરીમાં જમા કરી લો અને અમારા માલની ન્યાયી કિંમત અમને વહેંચી આપો.'

રાજાને વાત ઘણી ગમી.

એમણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો.

માલને ખરીદનારા વેપારીઓ આવી પહોંચ્યા.

બધાએ બજારના ભાવે કિંમત નક્કી કરી. પોતાને નફો મળી જાય એ રીતે અંદરોઅંદર કિંમત ઠરાવી. કોઈને લડવા ઝઘડવાનો અવસર જ રહ્યો નહીં. પરદેશી વેપારીઓને પણ યોગ્ય કિંમત મળી ગઈ. એટલે પોતપોતાનું ધન લઈને ચાલતા થઈ ગયા.

વહાણ જંગી હતું. એમાં ઘણો માલ રહી ગયો. રાજાએ ખારવાઓને આજ્ઞા કરી કે વહાણનો માલ સમુદ્ર કિનારા પરના રાજ્ય ભંડારમાં ગોઠવી દો. જેને જે માલ જોઈતો હશે તે લઈ જશે. હું ફરી ઢંઢેરો પીટાવું છું.

ફરી રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'હે પ્રજાજનો! નધણિયાતા વહાણનો માલ વેચવા કાઢ્યો છે. જાતજાતની અને દેશદેશની ચીજો છે. એકએકથી ચડે એવાં દ્રવ્યો છે. યોગ્ય કિંમત આપો અને જેને જે દ્રવ્ય જોઈતું હોય તે લઈ જાઓ.'

ઢંઢેરો સાંભળીને વેપારીઓ આવી પડ્યા. પણ ન આવ્યા નગરના મોટા શેઠ ધનસાર.

રાજાએ સેવકને બોલાવ્યો અને કહ્યું કે 'જા, ધનસાર નહીં તો તેમના પુત્રોને બોલાવી લાવ. એમના વગર માલનો નિકાલ થાય નહીં. ધનસાર વગર મને મઝા ન આવે. તે તો આવવા જ જોઈએ.

સેવક ધનસાર શેઠ પાસે ગયો. રાજાની આજ્ઞા કહી સંભળાવી.

ધનસારે તેના ત્રણે પુત્રોને બોલાવ્યા અને રાજાની આજ્ઞાની વાત કરી.

શેઠને ચાર પુત્રો છે.

નાનો પુત્ર હજી નાદાન છે.

એનું નામ ધન્યકુમાર છે. પણ એ ત્રણે કરતાં વધારે ચતુર અને ગુણનો ભંડાર છે. તેથી પિતાજીને લાડકો છે. મોટા ત્રણ પુત્રો એની અદેખાઈ કરે છે. પિતાજીના મુખે તેનાં વખાણ સાંભળે છે કે બળીને ખાખ થઈ જાય છે. ધન્યકુમારને કેમ સપડાવવો તેનો જ મોકો જોતા રહે છે.

આજે એવો મોકો મળી ગયો.

ત્રણે મોટા પુત્ર બોલ્યા : 'પિતાજી! આવા સોદામાં અમારૂં કામ નહીં. એ કામ આપના ચતુર અને લાડકા દીકરાનું છે. એને મોકલો. એ કેવો ચતુર છે એનો પરિચય હવે જ આપને મળશે. મોકલો એને સોદો કરવા. આપને ય ખાતરી થઈ જશે. પરીક્ષા કરી જુઓ.'

■ ■ ■

**'ધનસાર શેઠનું ખસી ગયું લાગે છે. મોટા પુત્રોને બદલે આ નાદાન નાનાને ધકેલી દીધો છે. એય ઠીક થયું છે. આપણે તેને નકામો માલ પરોવી દઈશું.'**

■ ■ ■

પિતાને માઠું તો લાગ્યું.

પણ ધન્યકુમાર પર એમને પાકો વિશ્વાસ છે. એટલે મોટા પુત્રોનાં કડવાં વેણ મન પર લીધાં નહીં અને નાનકડા ધન્યને બોલાવી લીધો.

ધન્ય આવ્યો અને બોલ્યો : 'પિતાજી, આજે મારૂં શું કામ પડ્યું? મને શીદ બોલાવ્યો?'

ધનસાર શેઠે બધી વાત કરી.

ધન્ય બોલ્યો : 'પિતાજી! આપ કહો છો તો હું ખુશીથી જાઉં છું. આવું કામ મને પહેલી જ વાર સોંપો છો એટલે ખુશીથી બજાવી આવીશ.'

ધન્ય છે સરળ અને સીધો. વળી હજી કુમળી ઉંમર છે. એ નુકશાન કરીને આવશે અને પિતાજી એનો ઉધડો લેશે એવા એવા વિચારો કરીને ત્રણે મોટા ભાઈઓએ ત્રાગડો ગોઠવ્યો છે. એ ત્રાગડો પાર પડ્યો છે એમ જાણીને ત્રણે મોટા ભાઈઓ રાજી રાજી થઈ ગયા.

માલ પાસે મોટા મોટા વેપારીઓ ભેગા થયા છે. એ બધા પાકા વેપારીઓ છે. એમણે પોતાને જોઈતો માલ છૂટો પાડી દીધો છે. તેની કિંમત પણ ઠરાવી દીધી છે. એઓ તો ભારે તાનમાં આવી ગયા છે. નધણિયાતા માલની કિંમત એમણે પોતાની રીતે નક્કી કરી લીધી છે. રાજાએ પણ તે કબૂલ કરી છે.

આ બધામાં કાચો અને કુમળી વયનો વેપારી છે કેવળ ધન્યકુમાર. વેપારીઓ અંદરોઅંદર તાળી લેવા લાગ્યા અને ગુસપુસ કરવા લાગ્યા : 'ધનસાર શેઠનું ખસી ગયું લાગે છે. મોટા પુત્રોને બદલે આ નાદાન નાનાને ધકેલી દીધો છે. એય ઠીક થયું છે. આપણે તેને નકામો માલ પરોવી દઈશું.'

એક વેપારી બોલ્યો : 'પણ નકામો માલ કયો છે?' બીજો વેપારી બોલ્યો : 'તમે ય શું મારા શેઠ? તમે નથી જાણતા કે વહાણના તળિયામાંથી માટીના સેંકડો લોટા નીકળ્યા છે?'

પહેલો વેપારી કહે : 'એ તો જાણું છું!'

બીજો કહે : 'એમાં શું છે તે જાણો છો?'

પહેલો વેપારી કહે : 'ના.'

ત્રીજો કહે : 'એમાં ખારી

માટી છે, ખારી માટી. એને લેવા કોણ તૈયાર થશે?'

બીજો વેપારી આંખ મિચકારીને બોલ્યો : 'ધનસાર શેઠનો પેલો ચતુર દીકરો આવ્યો છે ને? એને એ માલ પરોવી દઈએ. દો તાળી!'

આ વાત સાંભળી કે રીઢા અને પાકા વેપારીઓ વળી તાનમાં આવી ગયા. અંદરોઅંદર તાળી દેવા લાગ્યા અને નકામો માલ ધન્યકુમારને માથે પડે એવો ઘાટ ગોઠવી દીધો.

ધન્ય નાદાન છે. વેપારમાં હજી પલોટાયો નથી. પણ એની આંખમાં ચાતુરીનું તેજ છે. એની બુદ્ધિમાં શાણપણ અને ડહાપણ છે. વિવેકનો તો એ ભંડાર છે. એટલે તે બધું ગુપચુપ જોયા કરે છે. બધા માલ પર નજર ફેરવતો રહે છે અને શું થાય છે તેનો વિચાર કરે છે.

વેપારીઓ ઘાટ ગોઠવીને ધન્યકુમાર પાસે ગયા. મીઠું મીઠું હસ્યા અને બોલ્યા : 'તમારૂં નામ ધન્યકુમાર કે?'

ધન્યકુમાર કહે : 'હા.'

વેપારીઓ કહે : 'તમે તો ધનસાર શેઠના નાના દીકરા ને?'

ધન્યકુમાર કહે : 'હા.'

વેપારીઓ કહે : 'તમે તો પહેલી જ વાર માલનો સોદો કરવા નીકળ્યા છો ને?'

ધન્યકુમાર કહે : 'હા.'

વેપારીઓ બોલ્યા : તમે તો ભાઈ ધનસાર શેઠના દીકરા કહેવાઓ. ધનસાર શેઠ તો બડા ભાગ્યશાળી છે. એટલે અમારૂં માનશો?'

ધન્યકુમાર કહે : 'માનીશ.'

વેપારીઓ કહે : 'ઘણી સારી વાત છે. જુઓ, આરંભમાં મંગળ શુકન કરવાં જોઈએ. નફો તો ઠીક છે. આવડત હોય તો ગમે તેમાંથી નફો મળી રહે. એટલે શુકનમાં આ માટીના લોટા લઈ જાવ. આપ હજી આરંભ કરો છો એટલે કદાચ નફો ઓછો મળશે, પણ તેમાં લાભ મોટો છે!'

**કથાનો શેષ ભાગ**
**આવતા અંકે**

**અગિયારમા પૃષ્ઠનું ચાલુ**

સભાનતાના અભાવે જ ઘણા નિર્ણયો લેવાય છે, જે દેરાસરની રચનાની આવી મુખ્ય ભૂમિકા માટે યોગ્ય ન લેખાય.

સ્થાપત્યના અન્ય કોઈ પણ સર્જન કરતાં ધાર્મિક સ્થાનના સર્જનમાં સૌથી વધુ સંવેદનશીલતાની જરૂર રહે છે. અહીં ભૌતિક રચના થકી આધ્યાત્મિકતા પ્રસ્તુત કરાય છે. આ બન્ને વિરોધાભાસની બાબતો ધાર્મિક સ્થાનના સ્થાપત્યમાં એકબીજાના પૂરક ગણાય છે. દેરાસરની રચના કરનાર કરાવનાર વ્યક્તિ કે વ્યક્તિસમૂહ શું આ બધી બાબતો માટે સંવેદનશીલ હોય છે?

## જય જિનેન્દ્ર
## સ્પર્ધા - ૪નો ઉકેલ

જય જિનેન્દ્ર સ્પર્ધા નંબર ચારમાં પૂછેલાં પચ્ચીસ વિધાનોમાંથી પહેલું અને છેલ્લું એમ બે વિધાનો સાચાં છે જ્યારે બેથી ચોવીસ સુધીનાં તમામ વિધાનો ખોટાં છે.

આ સ્પર્ધામાં સાચો ઉત્તર આપનાર કોઈ ન નીકળવાથી ઈનામ કોઈના ફાળે જતું નથી.

## નવી સ્પર્ધા અંગે

ગયા અંક સાથે અમે વાચકોને સો માકર્સનું પ્રશ્નપત્ર – જૈન ઈતિહાસના તેજસ્વી તારલા – આપેલ હોવાથી અમે આ અંકમાં પણ સ્પર્ધા આપેલ નથી. આગામી અંકે અમે ફરીથી નવી સ્પર્ધા સાથે આપની સમક્ષ ઉપસ્થિત થઈશું.

આપનું પ્રશ્નપત્ર વહેલી તકે ભરીને કાર્યાલયને મોકલી આપવા વિનંતી. પ્રશ્નપત્ર મોકલવાની છેલ્લી તારીખ ૩૧ મે, ૨૦૦૪ છે.

## દસમા પૃષ્ઠનું ચાલુ

શુભના સ્વીકારની તમન્ના એ જ મહત્ત્વનો મુદ્દો છે.

**આગાર અંગે સ્પષ્ટતા :** આગારના નામે ઓળખાતી છૂટછાટ પોતાની જાતે ન રખાય તે ખાસ ધ્યાનમાં લેવું. આ અંગે વિગતવાર સમજૂતી જ્ઞાની અને ગીતાર્થ ગુરુ પાસે બેસીને સમજી લેવી. કયા નિયમમાં કયા પ્રકારના આગારો એટલે કે છૂટછાટો રાખી શકાય તે બહુ જ લંબાણ માગી લેતી ચર્ચા હોવાથી અહીં તે અંગે વધુ કશું લખતા નથી. કારણ કે અહીં તો આપણો હેતુ માત્ર પારિભાષિક શબ્દોના અર્થની સમજૂતી મેળવવા પૂરતો જ છે.

●

## જૈન અજૈન દરેકને ભાવભીની વિનંતી

આપનાં ઘરોમાં કોઈ સંસ્કારી મેગેઝિનો આવતાં હોય તો કૃપા કરીને બે-ચાર રૂપિયાની લાલચમાં પસ્તીમાં કાઢી નાખશો નહીં, પરંતુ તે સાહિત્ય જય જિનેન્દ્ર કાર્યાલયને ભેટ રૂપે મોકલી આપશો. અમારા કાર્યાલય દ્વારા, પામતા પહોંચતા ન હોય તેવા સેંકડો વૃદ્ધજનોને નવરાશની પળોમાં વાંચવા લાયક સાહિત્ય વિના મૂલ્યે આપવામાં આવે છે. અમે આપની દ્વારા મોકલાયેલાં સંસ્કારી મેગેઝિનો એ વૃદ્ધજનોને વાંચવા આપીશું. આપને એ વૃદ્ધજનોના મૂંગા આશીર્વાદ મળશે અને એમનો સમય સારી પ્રવૃત્તિમાં વીતે એ માટે આપ અજાણપણે નિમિત્તરૂપ બની રહેશો અને તે રીતે એક વિશિષ્ટ પુણ્યના ભાગીદાર પણ બની શકશો.

## સાતમા પૃષ્ઠનું ચાલુ

કદી ઉંકારો સાંભળવા મળેલ નહીં. અદ્‌ભુત સમતા સાથે આવેલી વેદના સહન કરી. એ વખતે થોડોક સેવાનો લાભ મળ્યો હતો.

સોનેરી દિવસો હંમેશાં ઝડપથી વહી જાય છે અને જીવનની વિનશ્વરતાનો બોધ આપતા જાય છે. પૂજ્યશ્રીની ચિરવિદાય એ જ્ઞાનમાર્ગે ચાલનારાઓ માટે ખોટરૂપ છે અને ચારિત્રમાર્ગે ચાલનારાઓ માટે બોધરૂપ છે.

એમનાં ચરણોમાં શતશઃ વંદન સાથે એમના શિષ્ય પરિવારને વિનંતી કે પૂજ્યશ્રીએ જગાવેલી જ્ઞાનની જ્યોતિને તેઓ આગળ વધારે. પૂજ્યશ્રી દ્વારા સંપાદિત આખી કથાશ્રેણિનું પુનર્મુદ્રણ પૂજ્યશ્રીની સ્મૃતિમાં કરવામાં આવશે તો તેઓશ્રીની સાચી સેવા કરી ગણાશે.

## જૈન ઇતિહાસના તેજસ્વી તારલા

આ પ્રશ્નપત્ર આપે મેળવી લીધું? સમ્મેતશિખરજીની યાત્રાના બંપર ઇનામ સહિત બીજાં અનેક ઇનામો જેમાં અપાનાર છે તે આ પરીક્ષાનું પ્રશ્નપત્ર સંપૂર્ણ ઑબ્જેક્ટિવ છે. ન કોઈ નિબંધ લખવાનો, ન કોઈ વિચારો રજૂ કરવાના. પૂછેલા સવાલોની સાથે જ જણાવેલો કોઈ એક સાચો જવાબ સિલેક્ટ કરવાનો અને જીતવાનાં ઇનામો! સો સવાલો સાથેનું આ પ્રશ્નપત્ર ભરીને આપણા ઇતિહાસમાં થયેલા મહાપુરુષો અને મહાસતીઓને યાદ કરો.

જો આપ સોએ સો સાચા જવાબો શોધી કાઢવામાં સફળ થાઓ છો તો આપને મળે છે સમ્મેતશિખરજીની યાત્રા માટેની ટિકીટ. અને હા, આપને એકલાને નહીં, આપની સાથે આપના પરિવારમાંથી પણ એક વ્યક્તિ સમ્મેતશિખરજીની યાત્રા કરશે. અમારા ખર્ચે સ્તો! તો હવે શેની રાહ જુઓ છો? આજે ઝુકાવી દો.

પરીક્ષા તથા ઇનામો અંગેની વધુ વિગતો પરીક્ષાના પ્રશ્નપત્રમાં જોવા મળશે. આજે જ પાંચ રૂપિયાની ફી ભરીને પ્રશ્નપત્ર મેળવી લો.



**અમે સાક્ષાત અનુભવ્યા જેમના પરચા**
**તે**
**શ્રીનંદનગર વિ. ૪, વેજલપુર, અમદાવાદ ખાતે બિરાજમાન**
**એકસો આઠ ફણાધારક માતેશ્વરી પદ્માવતીનાં ચરણોમાં**
**હજાર હજાર નમન. *'અમને ફળ્યાં તેવાં સૌને ફળજો'***

*

***કંચનબેન રમણલાલ સોની*** (સેટેલાઇટ, અમદાવાદ)

બે વર્ષના ટૂંકા ગાળામાં જ પોતાની આગવી પહેચાન ઊભી કરનાર
જય જિનેન્દ્રને હજાર હજાર શુભકામનાઓ...
તે નિરંતર આગળ ને આગળ વધતું રહે અને
નિર્ભીકપણે પોતાનો અવાજ ફેલાવતું રહે એવી શુભેચ્છાઓ...

*

***ઝવેરી એન્ડ ઝવેરી***
મુંબઈ

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**
સાથે રહીને જુદાં રહેવા કરતાં જુદાં રહીને સાથે રહેવું વધારે સારૂં છે.

●

**સ્પંદન**
નડતી નથી દીવાલને બાબત વિચારની;
માણસની આસપાસ છે હાલત વિચારની.

*– રમેશ પારેખ*

●

**ના હોય!**
**નર્સ** : 'તમે શું લેશો? લેમન જ્યૂસ કે પાઇનેપલ જ્યૂસ?'
**અસ્તકીર્તિ** : 'માલે તો બોર્નવિટા નાથેલું દુદુ પીવું તે, માલી માતે એ દ બનાવો ને!'

!! अहो कार्टुनम्





Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad